# સ્ત્રીસંઘર્ષને નિરૂપતી નવલકથા 'એકાએક'

(નવલકથા : 'એકાએક', લેખક: કલ્પેશપટેલ, પ્રકાશન વર્ષ: ૨૦૧૮, પૃષ્ઠ: ૧૨૮)

**બારડ ભરતસિંહ હરિશ્ચંદ્રસિંહ**

મુ.પો.ધમ્બોલિયા, તા.ભીલોડા, જી.અરવલ્લી. પી.૩૮૩૩૫૫.

વીસમી સદીની ગુજરાતી નવલકથાઓ પર નજર નાંખીએ તો આ સમયગાળામાં રચાયેલી નવલકથાઓમાં ઘટનાના વાસ્તવિક સંદર્ભને સ્થાને વિષયવસ્તું, ગ્રામ્યપરિવેશ, તળપદી ભાષાશૈલી, કુરિવાજોનો ઉલ્લેખ, અજ્ઞાનતા જેવાં સામાજિક પાસાંનો સવિશેષ ઉપયોગ નવલકથાકારો દ્વારા કરવામાં આવેલ છે. જ્યારે ૨૧મી સદીની નવલકથાની વાત કરીએ તો હવેના નવલકથાકાર રૂઢ નવલકથાના સર્વ બંધનોને ફગાવીને મૂલ્યનિરપેક્ષ કલાકૃતિ નિપજાવવાની મથામણમાં પડ્યા હોય એવું સવિશેષ લાગે છે. સાથોસાથ હાલની નવલકથાઓમાં નવલકથાકારનું લક્ષ્ય કલ્પિતવસ્તુ અને આંતરિક સંવેદન કે અનુભવ પર એકાગ્ર થાય છે. ૨૧મી સદીની નવલકથાઓમાં બીજી ધ્યાન ખેંચે એવી બાબત હોય તો તે છે ખથનરીતિ, જે સીધી, હળવી અને ચિત્રાત્મક વધું દ્રષ્ટિગોચર થાય છે. તેમજ પ્રથમ પુરુષ કથનપધ્ધતિનો નવી નવલકથાઓમાં પ્રયોગ થવા લાગ્યો છે. એવી જ આ '**એકાએક**' નવલકથા છે. અહીં એક સ્ત્રીપાત્રનો સતત સંઘર્ષ દ્રશ્યમાન થાય છે. આ સંઘર્ષ ક્યારેક પોતાની જાત સાથે તો ક્યારેક પોતાના પરિજનો સાથેનો છે. નવલકથાનું મુખ્યપાત્ર 'અનન્યા' પોતાના જીવનમાં એકાએક આવતી સુખ-દૂ:ખની મિશ્ર લાગણીઓ વચ્ચે સતત પોતાની જાત સાથે મથામણ કરતી દેખાય છે. 'અનન્યા'ની સગાઇ તુટી જાય છે, ત્યાર બાદ તેના જીવનમાં એકાએક આવતા ચઢાવ-ઉતાર અને એવા સમયે એક સ્ત્રીપાત્ર તરીકે 'અનન્યા'ની ક્યારેક પોતાની જાત સાથે તો ક્યારેક પોતાના પરિજનો સાથેનો લાગણીસભર વ્યવહાર વાચકને એક જુદા જ વિશ્વમાં લઇ જાય છે. અનન્યાનું પાત્ર એ માત્ર સ્ત્રીપાત્ર ન બની રહેતાં સમગ્ર સ્ત્રીજાતિની સંવેદનાનું – લાગણીનું પ્રતિક બની રહે છે.

આમ તો આ નવલકથાના નામ વિશે લેખક નવલકથાના પ્રારંભે જ લખે છે કે –' ***'અનન્યા' એવા શિર્ષકથી લખવી શરૂ કરેલી નવલકથાનું શિર્ષક એકાએક જ 'એકાએક' કરવાનું સૂઝ્યુ !'*** જીવનમાં શું કશુંક એકાએક જ બને છે? કે બધું નિયતીને આધિન છે? એ રીતે જોવા જઇએ તો અનન્યાની સગાઇ એકાએક તુટે છે ત્યાંથી માંડીને અંત સુધી બધું એકાએક જ બને છે, અને એ રીતે નારીસંવેદનાને ચરિતાર્થ કરતું શિર્ષક યથાર્થ સાબિત થાય છે. અહીં અનન્યાની સગાઇ આદિત્ય નામના તેના પ્રેમી યુવાન સાથે થઇ હતી જે એકાએક તુટી જાય છે, કેમકે આદિત્ય તેને છોડીને વિદેશ ચાલ્યો જાય છે. ત્યાર બાદ ***"ગામમાં જ નહિં આખા ગોળમાં વાત થઇ ગયેલી કે નવનીતભાઇ મેવાડાની દિકરીની સગાઇ તુટી ગઇ"***.(પૃ.૨૧) અનન્યાના જીવનમાં એકાએક બનેલી આ ઘટના અનન્યાને હચમચાવી મૂકે છે, હડકંપ મચાવે છે. જે વ્યક્તિને પોતાનું સર્વસ્વ સોંપી દીધું અને તે જ અનન્યાને છોડીને

ચાલ્યો જાય છે. એ વાત અનન્યા જીરવી શકતી નથી અને પોતે બીજે ક્યારેય લગ્ન નહિં જ કરે એવા નિશ્ચય સાથે જીવી લેવા મન મનાવે છે. પોતે કૉલેજમાં જાય છે, વિદ્યાર્થીઓ વચ્ચે રહીને સમય પસાર કરવા લાગે છે. દિવસોના દિવસો અને મહિનાઓના મહિના એમ કરતાં દસેક વર્ષ જેટલો સમય વહી જાય છે, પરંતુ અનન્યાના હ્રદયમાંથી ‘આદિ’નો અહેસાસ નિકળતો નથી. અનન્યા સતત ‘આદિ’ને યાદ કર્યા કરે છે. પોતાના મોબાઇલમાં રહેલા આદિત્યના ફોટાને જોઇ એકલી-એકલી ક્યારેક વઢે છે તો ક્યારેક રડી પડે છે અને બોલે છે કે – ***“આદિ તે આવું કેમ કર્યું બકા ! ખબર નથી પડતી તને ? તુ તો કેવો ભલોભોળો અને માસૂમ હતો, નક્કી તને કોઇએ રવાડે ચડાવ્યો હતો...નહિં તો તુ તો...”*** **(પૃ.૯૩)** અહિં અનન્યાનો આદિ પ્રત્યેનો અનન્ય પ્રેમ-લાગણી દ્રશ્યમાન થાય છે. વાર્તાકાર એક સ્ત્રીલાગણીને ઉત્તમ રીતે વર્ણવી શક્યા છે. તો વળી, અનન્યા ઘરથી દુર એકલી એકલી રહી ને પણ હંમેશાં પોતાની એકલતામાં વિચારમગ્ન રહીને પણ પરિજનોની સાર-સંભાળ રાખવાનું પણ ભૂલતી નથી. જેમકે ***“મમ્મીને ડાયાબિટીસ છે એટલે તેને માટે કશુંક તીખું લાવે જ. આ વખતે એ રતલામી સેવ અને તીખા ગાંઠીયા લાવી હતી”*** **(પૃ.૬૩)** આવી લાગણીશીલ અનન્યાના જીવનમાં એકાએક પાવાગઢ શિબિરાર્થે જવાનું થાય છે, જ્યાં કૌશલપટેલ કે જેઓ જાણીતા સાહિત્યકાર છે, તેઓની સાથે મુલાકાત થાય છે. પોતાના શુષ્ક જીવનમાં એકાએક કૌશલપટેલનું આગમન થતાં અનન્યાનું હ્રદય ઝંકૃત થાય છે જે અનન્યાને લાગણીના વહેણમાં ખેંચી જાય છે. એક સ્ત્રી હંમેશાં હૂંફ ઇચ્છે છે, આ ભાવને વાર્તાકાર ઔચિત્યપૂર્ણ આલેખી શક્યા છે.

કૌશલપટેલ અનાથાશ્રમમાં ઉછરેલો પીડીતપુરુષ છે. નાનપણમાં અનાથાશ્રમમાં જ એક આધેડ વયની મહિલા સંચાલિકા દ્વારા તેનું જાતિય શોષણ થાય છે. તો વળી મોટા થઇને શેઠની પુત્રી સાથે શેઠના દબાણને વશ પરણવું પડે છે, પરંતુ સ્વતંત્ર મિજાજી પત્નિને કૌશલ ગમતા નથી અને મનનાં કજોડાં સમાન આ લગ્નજીવનમાં પત્નિ કૌશલને છોડીને ચાલી જાય છે અને કૌશલનું લગ્નજીવન વિખેરાય છે. લાગણીનો કડવો ઘૂંટડો પીનાર કૌશલ સ્ત્રીહૂંફ ઇચ્છે છે. જ્યારે અનન્યાનું મન ના પાડતું હોવા છતાં એના અજ્ઞાત મનમાં જાગેલી અતૃપ્તિ અનન્યાને કૌશલ તરફ ખેંચી જાય છે, અને આ રીતે લાગણીના તંતુએ પરોક્ષ રીતે પણ કૌશલ અને અનન્યાના હ્રદય જોડાય છે.

નવલકથામાં બીજી એક બાબત જે વાચકના હ્રદયને ઝંકૃત કરી મૂકે છે તે છે કૌશલના અનાથાશ્રમ જીવનમાં થયેલ કડવા અનુભવ. કૌશલની મનોવ્યથા સર્જકે કૌશલના શબ્દોમાં **પ્રકરણ.૧૬**માં **પૃ.૭૪** પર ખૂબ જ ભાવવાહી શૈલીમાં આલેખી છે *: **“મોટામોટા લોકો આવીને મારી-અમારી-મારા જેવા બીજાઓની પણ દયા ખાતા હતા. કંઇક દાનમાં આપતા હતા. અમને અમારા સંચાલકો દ્વારા ખાસ રીતે કેળવવામાં આવ્યાં હતાં. મોટામોટા શેઠીયા આવે, એન.આર.આઇ આવે ત્યારે અમારે લાઇવ પર્ફોર્મન્સ આપવાનું. લોકગીત – ભજન – નૃત્ય કે એવું કશું પણ !”*** તો અનન્યાનું પાત્ર નારીહ્રદય, સ્ત્રીલાગણી કે પ્રેમની સાચી પરિભાષાનો ચિતાર આપે છે, તે પણ

સતત પ્રેમને ઝંખે છે, પરંતુ ફક્ત આદિના સ્વરૂપમાં જ. તેની આંતરવ્યથાને તેના જ શબ્દોમાં જોઇએ તો.. ***"યુવક-યુવતી પસંદગીના પાત્ર સાથે લગ્ન કરે એ તંદુરસ્ત માનવસમાજના નિર્માણ માટે જરૂરી છે."*** (પૃ.૧૨૨)

કથાવસ્તુની દ્રષ્ટિએ જોઇએ તો અનન્યાનું પાત્ર વાચકને જકડી રાખવા સમર્થ છે. નવલકથામાં સ્ત્રીપુરૂષના સબંધોમાં લાગણીઓનું સંયમપૂર્વક આલેખન થયું છે ! નવલકથાનો અંત ટૂંકો-ચોંટદારને અત્યંત રસપ્રદ બને છે. મને સૌથી વધુ આકર્ષણ થયું હોય તો તે છે નવલકથાનો હૃદયસ્પર્શી અંત. ***એકસો અઠ્ઠાવીસ*** પાનની આ નવલકથાનો અંત વાચકને ખરેખર એક જુદા જ રોમાંચનો અનુભવ કરાવે છે. અનન્યા કૌશલને ફોન કરે છે. સામે કૌશલ ફોન રીસીવ કરતાં કહે છે કે :

- ઓહ ! અનન્યા ! બોલ ને !
- તમને એક કામ સોપવું તુ !
- હા, બેશક ! બોલ ને,
- એક મૂરતિયો શોધી દો,
- કોના માટે?
- અરે, તમે તો બુધ્ધુ જ રહ્યા ! કોના માટે હોય? મારા પોતાના માટે જ વળી,
- પણ...આમ..નહિં વાત, નહિં વિગત ને આમ એકાએક જ !
- એકાએક જેવું કંઇ જ નથી હોતું કૌશલ ! બધુ આંતરિક રીતે તો ચાલતું જ હોય છે. પછી એ પ્રક્રિયા ને બળ મળે છે, એકાએક જ !
- મૂરતિયો સમજી લે કે મળી ગયો,
- એમ વાતો થી નહિં ચાલે, રિઝલ્ટ જોઇએ રિઝલ્ટ
- હા, રિઝલ્ટ મળશે...પછી?
- મને બહું જ ઉતાવળ છે.
- કેટલી ઉતાવળ છે?
- બસ...વધી વધી ને બે-ત્રણ મહિના
- બોલ, આજે સાંજે પરણી શકે ?
- આજે સાંજે જ ? આટલું જલ્દી?
- હા, મારે ઉતાવળ છે !
- શું ?
- હં....અનન્યા...!

અનન્યાનું સ્મિત વરસીને જાણે ઓરડાને ભીંજવી રહ્યું ! ત્યાં નવલકથાનો ઉચિત – અવિસ્મરણિય સુખદ અંત થાય છે.

મોહન પરમારના શબ્દોમાં કહીએ તો નારીચેતના નહિં પણ નારીસંવેદનાની આ નવલકથામાં સર્જક દ્વારા ઉત્કૃષ્ટ ભાષાનું પ્રયોજન કરવામાં આવેલ છે. નવલકથાનું મુખ્યપાત્ર 'અનન્યા' જ ભાષાની દ્રષ્ટિએ યથાયોગ્ય છે. કેમકે અનન્યાનો અર્થ જ 'અનન્ય' અથવા 'જેના જેવું કોઇ નથી તે અનન્યા' એવો વ્યાપક ભાષા અર્થ મળે છે. હું માનુ છું કે 'એકાએક' નવલકથામાં ભાષાકર્મ આધુનિક અને પ્રયોગશીલ ગણી શકાય. અનન્યાનુ પાત્ર અને તેની આસપાસનું ભાષાકર્મ માણવા-પ્રમાણવા અને આસ્વાદવા જેવું છે. કલ્પેશપટેલ દ્વારા નવલકથામાં વ્યંજના, હાસ્ય, વ્યંગ્ય તથા અવારનવાર કહેવતો કે અલંકારિકત્વ રૂઢીપ્રયોગો, કાવ્યાત્મક ભાષા સાથે સરળ અને સાદી ભાષાના પ્રયોગો પણ પ્રયોજેલા જણાય છે.

પ્રસ્તુત નવલકથામાં પરિસ્થિતી, ઘટના કે પ્રસંગને અનુરૂપ ભાષા કલાત્મક રીતે રજુ કરવામાં આવી છે. અનન્યાના પાત્ર દ્વારા સર્જકે શિષ્ટ માન્યભાષાની સાથો-સાથ ગુજરાતી-અંગ્રેજી ભાષાનો વ્યાપક ઉપયોગ જોવા મળે છે. આમ, ભાષાકર્મની દ્રષ્ટિએ 'એકાએક' નવલકથા વાચકને એક નવા જ રોમાંચનો અનુભવ કરાવે છે. એ રીતે સર્જક કલ્પેશપટેલ પૂરોગામીઓ કરતાં કંઇક અંશે જુદા પડે છે.

ખૂબ ઓછાં પાત્રો થકી લેખકે કામ લીધું છે.અનન્યા અને કૌશલ મુખ્ય પાત્રો છે.આદિત્ય પરોક્ષ રીતે પ્રગટ થતો રહે છે.અનન્યા અને કૌશલ વચ્ચેના સંવાદો ચમત્કૃતિપૂર્ણ છે.અનન્યાનું પાત્ર સાહસિક છે,કોઈ પણ પરિસ્થતિ સામે સતત સંઘર્ષ કરવાની ક્ષમતા ધરાવે છે. કૌશલ ધીરગંભીર અને શાંત છે. આદિત્યનું સૂચિત પાત્ર પરોક્ષ રહીને પણ પોતાની અસર છોડી જાય છે, તો વળી, પરોક્ષ રીતે અનન્યાને વિહ્વળ બનાવે છે, સાથોસાથ ગૌણપાત્રો જેવા કે અનન્યાના પિતા નવનીતભાઇ મેવાડા, મમ્મી, ભાઇ નંદન, ભાભી વૈખરી, આચાર્ય સાહેબ, પ્રો.ઇન્દ્રવદન પટેલ તથા શ્રેયા વગેરે પાત્રો પણ નવલકથામાં ક્યાંકને ક્યાંક એક આગવો કલાઘાટ આપે છે.

નવલકથામાં સંવાદો થકી કૃતિને આગવી દિશા અને ગતિ પ્રાપ્ત થઇ છે. નવલકથામાં મને સૌથી વધું ગમ્યો હોય તેવો સંવાદ હોય તો તે છે અનન્યાના પિતાનો અનન્યા સાથેનો સંવાદ છે જે ***પ્રકરણ ૧૩ માં પૃ.૬૨-૬૩*** પર જોઇ શકાય છે :***"મારી પાસે અનુભવ છે, નંદન પાસે મોર્ડન નોલેજ છે અને અમે બેઉં મળીને ચર્ચા-વિચારણા કરીને આગળ વધીએ છીએ. એટલે તો આટલો પ્રોગ્રેસ થાય છે. હું સ્ટેશન બાજું જાઉં તો દાળવડા લેતો આવું છું અને એ ઉઘરાણી એ જાય તો સલાટપૂરના ગોટા લાવવાનું ચૂકતો નથી! પછી અમે બેઉં ખાતાં-ખાતાં લડીએ છીએ અને લડતાં લડતાં ખાઇએ છીએ"***

'એકાએક' નવલકથા વાચકને અંત સુધી રસમગ્ન રાખે છે. નવલકથા વાંચતા જઇએ તેમ-તેમ વાચકમન પર તેની અદભૂત અસર અંકિત થતી જાય છે કે અંતમાં શું થશે? પહેલી નજરે એવું લાગતું હતું કે નવલકથાના અંતમાં અનન્યાનો પ્રેમી વિદેશથી પરત આવશે અને અનન્યા સાથે લગ્ન કરી લેશે પરંતુ એવો ચિલાચાલુ અંત

ન લાવતાં નવલકથાના અંતમાં સર્જક અનન્યા અને કૌશલની ટેલીફોનિક વાતચિતને હૃદયસ્પર્શી બનાવે છે. કૌશલ દ્વારા અનન્યા સામે લગ્નનો પ્રસ્તાવ મુકાય છે અને અનન્યાનું સ્મિત વાચકને રોમાંચિત કરી મૂકે છે. આમ, નવલકથાનો અંત સુખદ – સુવ્યવસ્થિત કહી શકાય એ રીતે સર્જક કલમે નિરૂપણ પામ્યો છે. નવલકથામાં નાની-મોટી ક્ષતિઓ પણ છે.ક્યાંક ક્યાંક તાલમેલિયું પણ લાગે છે.ઘટનાઓ કરતાં વર્ણન-કથન વધારે હોય એવું પણ જણાય છે.ચિંતન  જેવી રીતે રઘુવીર ચૌધરીની નવલોમાં ભારરૂપ બને છે એવું અહીં પણ ક્યાંક-ક્યાંક વરતાય છે.આમ છતાં 'એકાએક'નવલકથા વાચકને અંત સુધી જકડી રાખે છે એ તો સ્વીકારવું જ રહ્યું